# તંત્રી લેખ......

## બિહારમાં કારમા પરાજય બાદ કોંગ્રેસની મુશ્કેલી વધીઃ રાજ્યસભામાં પણ નુકસાનની આશંકા

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ કોંગ્રેસની મુશ્કેલીઓ હવે દિલ્હી સુધી પહોંચી છે. પાર્ટીને ૨૦૨૬માં યોજાનારી દ્વિવાર્ષિક રાજ્યસભા ચૂંટણીમાં પણ મોટું નુકસાન થવાની આશંકા છે. આ પરિણામોથી માત્ર કોંગ્રેસ જ નહીં, પરંતુ તેના ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ (I.N.D.I.A.) ગઠબંધન પર પણ ગંભીર અસર પડી શકે છે. વર્ષ ૨૦૨૬માં એપ્રિલ, જૂન અને નવેમ્બર મહિનામાં રાજ્યસભાની કુલ ૭૨ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. અનેક રાજ્યોમાં કોંગ્રેસનું નબળું પ્રદર્શન રહેતા ૨૦૨૬ની રાજ્યસભાની ચૂંટણીનો સીધો ફાયદો NDAના ઘટક દળોને થવાની ધારણા છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો, જેમાં I.N.D.I.A. ગઠબંધનના પક્ષોનો સમાવેશ થાય છે, તેમને આ ચૂંટણીઓમાં નોંધપાત્ર બેઠકો ગુમાવવી પડી શકે છે, જેનાથી રાજ્યસભામાં તેમનું સંખ્યાબળ ઘટશે. રાજ્યસભામાં વર્ષ ૨૦૨૬માં કોંગ્રેસની કુલ આઠ બેઠકો ખાલી થઈ રહી છે. ખાલી થનારી બેઠકોમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, દિગ્વિજય સિંહ, શક્તિ સિંહ ગોહિલ અને રજની પાટિલ જેવા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થાય છે. મલ્લિકાર્જુન ખડગેનો રાજ્યસભાનો કાર્યકાળ ૨૬ જૂને સમાપ્ત થાય છે. કર્ણાટકમાં પાર્ટી સત્તામાં હોવાથી તેમને બીજી તક મળી શકે છે, પરંતુ અન્ય રાજ્યોમાં ધારાસભ્યોની સંખ્યા ઓછી થવાને કારણે ઘણી બેઠકો ગુમાવવાનો વારો આવી શકે છે. બિહારમાં પણ પાંચ રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે, જેમાં RJDના પ્રેમચંદ ગુપ્તા અને એડી સિંહનો સમાવેશ થાય છે. વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી, RJD માટે આ બંને બેઠકો જીતવી મુશ્કેલ બનશે, જેના કારણે તેની બેઠકોની સંખ્યા ઘટી શકે છે.બિહારમાંથી રાજ્યસભાની એક બેઠક જીતવા માટે ઓછામાં ઓછી ૪૨ બેઠકોની જરૂર છે. જોકે, મહાગઠબંધનની બધી બેઠકોને જોડવામાં આવે તો વિજય માટે જરૂરી ન્યૂનતમ સંખ્યા પહોંચી શકાય તેમ છે, પરંતુ કોંગ્રેસની નબળી સ્થિતિ ગઠબંધનની રાજકીય પકડને નબળી પાડી રહી છે. નોંધનીય છે કે, કોંગ્રેસ અને I.N.D.I.A. ગઠબંધન માટે આગામી રાજ્યસભા ચૂંટણી મોટો પડકાર બની રહે તેમ છે.

# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૪૦૨૪ અને ચાંદીના વાયદામાં રૂ.૮૩૧૯નો કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૯ સુધર્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૯૫૯૮૪.૮૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૪૬૭૭૭૦.૨૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૭૯૯૮.૩૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૨૪૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૪થી ૨૦ નવેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૮૬૩૮૧૪.૮૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૯૫૯૮૪.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૪૬૭૭૭૦.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૫૦.૩૨ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૯.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૨૪૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૦૪૬૯.૨૭ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૭૯૯૮.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૭૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૭૦૪૮ અને નીચામાં રૂ.૧૨૦૭૬૨ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૭૫૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૦૨૪ના ભાવઘટાડા સાથે રૂ.૧૨૨૭૨૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૨૭૩૧ ઘટી રૂ.૯૯૬૧૬ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૧૬ ઘટી રૂ.૧૨૪૮૪ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૯૦ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૨૨૫૭૮ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૫૯૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૭૫૯૫ અને નીચામાં રૂ.૧૨૧૦૮૬ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૯૦૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૯૯૪ ઘટી રૂ.૧૨૨૯૦૮ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૬૨૮૫૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૩૩૩૩ અને નીચામાં રૂ.૧૫૧૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૨૪૭૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૩૧૯ના ભાવઘટાડા સાથે રૂ.૧૫૪૧૫૧ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૭૨૭૭ ઘટી રૂ.૧૫૬૪૨૧ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૭૨૫૦ ઘટી રૂ.૧૫૬૪૫૦ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૬૫૩૧.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૧૭.૨૫ ઘટી રૂ.૯૯૬.૮ના સ્તરે પહોંચ્યો હતો. જસત નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮૫ પૈસા ઘટી રૂ.૩૦૪.૮૫ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૭.૯ ઘટી રૂ.૨૬૫.૧ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સીસું નવેમ્બર વાયદો રૂ.૪.૭ ઘટી રૂ.૧૭૯.૪ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૧૪૧૮.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૮૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૦૧૫ અને નીચામાં રૂ.૨૮૯૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૮ ઘટી રૂ.૨૯૨૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૩૨૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩૯૯ અને નીચામાં રૂ.૫૨૧૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૪૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૯ વધી રૂ.૫૨૬૩ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨૧ વધી સપ્તાહના અંતે રૂ.૫૨૬૩ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૧૪.૪ ઘટી રૂ.૪૧૭.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૪.૪ ઘટી રૂ.૪૧૭.૬ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૧૨.૬ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪.૭ ઘટી રૂ.૯૦૮ થયો હતો. એલચી નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૪૩૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૦૫ વધી રૂ.૨૬૪૧ થયો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૯૪૭૭.૭૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૮૫૨૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૧૩૨૫.૯૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૮૨.૪૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૪.૯૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૬૩.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૬૭.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૦૪૨.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૨૩૦૭.૬૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૯.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧૬.૯૯ કરોડનાં કામ થયાં હતાં.

સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૩૯૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૬૪૬૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૬૭૧૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૪૨૦૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૦૨૦૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૨૩૯૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૨૮૮૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૨૬૪૮૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૫૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૧૨૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૨૧૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૦૦૪૬ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૦૦૪૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૭૬૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૧૨૬૦ પોઈન્ટ ઘટી ૨૯૨૪૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

## મનનીય સાંસદોએ વડોદરા મંડળ દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યો પર સંતોષ વ્યક્ત કર્યો

પશ્ચિમ રેલવે દ્વારા જનપ્રતિનિધિઓ સાથે સંકલન અને સંવાદને વધુ મજબૂત બનાવવા ની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ ના હેઠળ ૨૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ અમદાવાદ અને વડોદરા મંડળોના અધિકારક્ષેત્ર હેઠળ આવતા માનનીય સંસદ સભ્યો સાથે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તા દ્વારા એક બેઠકનું આયોજન અમદાવાદ સ્થિત સર્કિટ હાઉસ માં કરવામાં આવ્યું હતું. બેઠકમાં માનનીય સંસદો એ વડોદરા મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસ કાર્યો અને પૂરી પાડવામાં આવતી મુસાફરોની સુવિધાઓ પર સંતોષ વ્યક્ત કર્યો અને જનપ્રતિનિધિના રૂપમાં મહાપ્રબંધક અને મંડળ રેલ પ્રબંધક તેમના વિસ્તારના રેલ સંબંધિત સૂચનો શેર કર્યા.

આ બેઠકમાં માનનીય સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ (અમદાવાદ પૂર્વ), શ્રી દિનેશભાઈ મકવાણા (અમદાવાદ પશ્ચિમ), શ્રીમતી શોભનાબેન બારૈયા (સાબરકાંઠા), શ્રી મનસુખભાઈ વસાવા (ભરૂચ), શ્રી જશુભાઈ રાઠવા (છોટા ઉદેપુર), શ્રીમતી અનિતા ચૌહાણ (રતલામ) અને શ્રી મયંકભાઈ નાયક (રાજ્યસભા) ઉપસ્થિત રહ્યા હતા. ભરૂચના માનનીય સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ ભરૂચમાં અવંતિકા એક્સપ્રેસ, સૂર્યનગરી એક્સપ્રેસ અને લોકશક્તિ એક્સપ્રેસ ના સ્ટોપેજ ને પુનઃસ્થાપિત કરવા અને વંદે ભારત એક્સપ્રેસને ભરૂચમાં સ્ટોપેજ કરવાની માંગ કરી હતી. તેમણે મુસાફરોની સુવિધા માટે અંકલેશ્વર અને રાજપીપળા વચ્ચે ટ્રેન સેવા શરૂ કરવાની માંગ કરી હતી. જે બ્રોડગેજમાં રૂપાંતરિત થઇ ચુકી છોટા ઉદયપુરના માનનીય સાંસદ શ્રી જશુભાઈ રાઠવાએ દાભોઈ-મિયાગમ કરજણ વિભાગ પર ટ્રેન સેવાની માંગ કરી હતી, જેને નેરો ગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતરિત



કરવામાં આવી છે. રતલામના માનનીય સંસદ અનિતા ચૌહાણે પ્રતાપનગરથી છોટા ઉદેપુર ટ્રેનને જોબાટ સુધી લંબાવવાની વિનંતી કરી હતી. પશ્ચિમ રેલવે વહીવટીતંત્ર દ્વારા જાહેર હિતમાં માનનીય સાંસદોના આ સૂચનોને પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવશે.

બેઠકની શરૂઆતમાં, પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તા દ્વારા બેઠકમાં ઉપસ્થિત માનનીય સંસદોનું સ્વાગત કર્યું. તેમના સ્વાગત સંબોધમાં મહાપ્રબંધક શ્રી ગુપ્તાએ માનનીય સંસદોને પશ્ચિમ રેલવેની પ્રગતિ વિશે માહિતી આપતા જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫-૨૬ માં ભારતીય રેલવે બજેટમાં ગુજરાત રાજ્ય માટે રૂા.૧૭,૧૫૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આ રોકાણ ગુજરાતમાં કનેક્ટિવિટી, ઔદ્યોગિક પ્રગતિ અને મુસાફરોની સુવિધાઓને નવી ગતિ અને દિશા પ્રદાન કરશે. તેમણે જણાવ્યું કે ગુજરાતમાં રેલ વિકાસની ગતિ સતત ઝડપી બની રહી છે. તાજેતરમાં આણંદ-ગોધરા ડબલિંગ પ્રોજેક્ટ રેકોર્ડ સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ સિદ્ધિ પશ્ચિમ રેલવેની ઉત્તમ કાર્યક્ષમતા, સમર્પણ અને ટીમવર્કનું એક શાનદાર ઉદાહરણ છે. વધુમાં ભારતીય રેલવે પર વીજળીકરણના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક પ્રસંગે પશ્ચિમ રેલવેના સમગ્ર બ્રોડગેજ નેટવર્કનું વીજળીકરણ પૂર્ણ થયું છે, જે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. વડોદરા-રતલામ ૩જી અને ૪થી લાઈન પ્રોજેક્ટ પશ્ચિમ રેલવે માટે ક્ષમતા વધારતો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. ૨૫૯ કિમી ના આ પ્રોજેક્ટ માટે રૂા.૮,૮૮૪.૭૪ કરોડની મંજૂરી મળી છે, જે પશ્ચિમ રેલવે ના રેલ નેટવર્કને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.

વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ બેઠકમાં માનનીય સાંસદોને વડોદરા મંડળની પ્રગતિ પર વિવિધ નવી મુસાફરોની સુવિધાઓ અને વિકાસલક્ષી સિદ્ધિઓ વિશે માહિતગાર કર્યા. શ્રી ભડકેએ માનનીય સાંસદોને મંડળ દ્વારા દિવાળી અને છઠ પૂજા દરમિયાન કરવામાં આવેલા ઉત્તમ ભીડ વ્યવસ્થાપન પ્રયાસો, નોન-ફેર રેવન્યુ હેઠળ વડોદરા મંડળ દ્વારા મુસાફરોને પૂરી પાડવામાં આવતી મુસાફરોની સુવિધાઓ, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ પ્રોજેક્ટ સારથી, દિવ્યાંગો માટે સ્ટેશન પર ક્રચેજ, ભરૂચ સ્ટેશન પર હેરિટેજ લોબીનો વિકાસ જેવા પ્રયાસો, મુસાફરોની સુવિધા માટે શરૂ કરાયેલી નવી ટ્રેન સેવાઓ અને ટ્રેનોના વધારાના સ્ટોપેજ વિશે માહિતી આપી.

શ્રી ભડકેએ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ પામેલા ઉત્રાણ, ડાકોર, ડેરોલ, કોસંબા કરમસદ ની સાથે સાથે પુનઃવિકાસ કરવામાં આવી રહેલા ૧૦ અન્ય સ્ટેશનોની પ્રગતિ શેર કરી.

રેલવે પ્રશાસન તરફથી મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના શ્રી વિવેક કુમાર ગુપ્તા, મંડળ રેલ પ્રબંધક અમદાવાદના શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક વડોદરાના શ્રી રાજુ ભડકે, પશ્ચિમ રેલવે મુખ્યાલય થી આવેલા મુખ્ય રેલવે અધિકારી, RLDA અને બંને મંડળોના વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

## જગુદણ સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય હેતુ બ્લોક ને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના જગુદણ સ્ટેશન યાર્ડ માં ૨૩.૧૧.૨૦૨૫ (રવિવાર) ના રોજ બ્રિજ નંબર ૯૮૩ ના પુનર્નિર્માણ કાર્ય સંદર્ભે બ્લોક લેવામાં આવી રહ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

પૂર્ણતઃ રદ ટ્રેનઃ

- તારીખ ૨૩.૧૧.૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.
- તારીખ ૨૪.૧૧.૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે.

આંશિક રદ ટ્રેનોઃ

- તારીખ ૨૩.૧૧.૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૯૫૯/૨૦૯૬૦ વલસાડ-વડનગર-વલસાડ એક્સપ્રેસ વડનગર અને ગાંધીનગર કેપિટલ ની વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રિશિડ્યૂલ ટ્રેનોઃ

૧. તારીખ ૨૩.૧૧.૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૪૮૫ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ જોધપુરથી ૨ કલાક રિશિડ્યૂલ થશે.

૨. તારીખ ૨૩.૧૧.૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૬૯૨૦૭ ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમુ ગાંધીનગર કેપિટલથી ૦૧ કલાક રિશિડ્યૂલ થશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેઓ તેમની મુસાફરી શરૂ કરે. મુસાફરો ટ્રેન ના પરિચાલન અંગે નવીનતમ અપડેટ્સ જાણકારી માટે www. enquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### નીતિથી ઉત્પાદન સુધીઃ ઉચ્ચ-સ્તરીય B2G બેઠકો દ્વારા ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ ઈકોસિસ્ટમના ઝડપી અમલીકરણનો સંકેત

# ગુજરાતને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ-ESDM ક્ષેત્રે હબ બનાવાશેઃ સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

### રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઈનમાં રોકાણ-ઈકોસિસ્ટમ વિકાસને વધુ વેગ આપવા મંત્રી શ્રી મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજાઈ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ-ESDM ક્ષેત્રે વૈશ્વિક હબ બનવવા માટે ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ- ECMS પર વધુ ભાર મુકવામાં આવશે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને સહયોગ આપતી વિશ્વ કક્ષાની ઉત્પાદન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે તેમ, સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું. ગુજરાતની ઈલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઈનમાં રોકાણ અને ઈકોસિસ્ટમ વિકાસને વધુ વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ-ECMS પર ધ લીલા હોટલ, ગાંધીનગર ખાતે સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ વધુમાં કહ્યું હતું કે, આ સંવાદ સત્રમાં ૨૫થી વધુ ECMS ઉદ્યોગ અગ્રણીઓ સહભાગી થયા હતા. જેમાં મુખ્યત્વે TATA Electronics, Kaynes, CG Semi, GnBS Korea, SyrmaSGS, Epitomem Unitio, અને Mink9નો સમાવેશ થાય છે. આ પ્લેટફોર્મ ઉદ્યોગ જગતના અગ્રણીઓ, નેતાઓ અને વરિષ્ઠ બ્યુરોક્રેટ્સ વચ્ચે સીધી ચર્ચા સુનિશ્ચિત કરે છે, જે સરકારને વાસ્તવિક ઉત્પાદકતાની જરૂરિયાતો અને પડકારો પર આધારિત નીતિઓને સુધારવા અને પ્રોજેક્ટની ઝડપી અમલવારી સુનિશ્ચિત કરવા માટે મદદ કરે છે.



મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' મિશન હેઠળ રાષ્ટ્રીય સ્વાવલંબન હાંસલ કરવા માટે ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સના મૂળભૂત મહત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ECMS પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને, આ સત્રમાં પેસિવ કમ્પોનન્ટ્સ અને PCBsથી લઈને અદ્યતન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સુધીના વિશિષ્ટ અપસ્ટ્રીમ ઉત્પાદકોને આકર્ષવા માટે ગુજરાતની વ્યૂહરચના પર ભાર મૂક્યો હતો, જેનાથી ભારતની આયાત પરની નોંધપાત્ર નિર્ભરતા ઘટાડી શકાય. આ પહેલ થકી મોટા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા, હજારો ઉચ્ચ-કુશળ નોકરીઓનું સર્જન કરવા અને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ (ESDM) ક્ષેત્રમાં ગુજરાતને એક મુખ્ય ઉત્પાદન ડેસ્ટીનેશન તરીકે મજબૂત રીતે સ્થાપિત કરવામાં આવશે. આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ દ્વારા રોકાણકારોને ગુજરાતમાં રોકાણ કરવાની તકો ઉપલબ્ધ કરવામાં આવી છે તેમ, તેમણે ઉમેર્યું હતું.

સત્રના પ્રારંભમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન-GSEMના મિશન ડાયરેક્ટર, શ્રીમતી નેહા કુમારી દ્વારા 'એડવાન્ટેજ ગુજરાત' પર એક વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. આ સેગમેન્ટે રાજ્યના મજબૂત નીતિગત વાતાવરણ, માળખાકીય સુવિધાઓની તત્પરતા અને કમ્પોનન્ટ ઉત્પાદકોને આકર્ષવા માટે ખાસ તૈયાર કરાયેલા પ્રોત્સાહનો પર પ્રકાશ પાડ્યો હતો. સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી દ્વારા વિશેષ સંબોધનમાં ગુજરાતના મહત્વાકાંક્ષી ઔદ્યોગિક લક્ષ્યો માટે વ્યૂહાત્મક સંદર્ભ નક્કી કરવામાં આવ્યો હતો.

ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) વિશે :

ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) એ ગુજરાતમાં ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ (ESDM) માટે રોકાણ, નવીનતાને પ્રોત્સાહન આપવા અને ઈકોસિસ્ટમ વિકસાવવા માટે સમર્પિત નોડલ એજન્સી છે, જે રાજ્યના અગ્રણી વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન હબ બનવાના વિઝનને આગળ ધપાવે છે.

- જનક દેસાઈ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## પ્રશાંત કિશોરની મોટી જાહેરાતઃ ઘર સિવાય તમામ સંપત્તિ અને ૯૦% કમાણીનું પાર્ટીને દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૨૩૮ બેઠકો લડીને ઝીરો પર આઉટ થયેલી જન સુરાજ પાર્ટી (JSP)ના નેતા પ્રશાંત કિશોરે પાર્ટી ચલાવવા માટે દિલ્હીનું એક ઘર છોડીને તમામ સંપત્તિ પાર્ટીને દાન કરવાની જાહેરાત કરી દીધી છે. પ્રશાંતે આ સાથે જ પોતાના આવનારા પાંચ વર્ષ સુધી સલાહ આપવાની બદલે કમાણીનો ૯૦ ટકા ભાગ જન સુરાજને ડોનેટ કરવાની જાહેરાત કરી છે. પાર્ટીની હાર માટે ચંપારણના ગાંધી આશ્રમમાં ૨૪ કલાકના પ્રાયશ્ચિત ઉપવાસ તોડ્યા બાદ પ્રશાંત કિશોરે ૧૫ જાન્યુઆરીથી બિહારમાં નવેસરથી પાર્ટીનું અભિયાન શરૂ કરવાની જાણકારી આપી છે.

તેમણે કહ્યું કે, જન સુરાજી એક-એક વોર્ડમાં જશે અને સરકારી વચન પર અમલવારી કરાવશે. પાર્ટી મહિલાઓનું ફોર્મ ભરાવશે, જેથી તેમને ૧૦ હજાર મળે અથવા બાદમાં મળનારા ૨ લાખ રૂપિયા પણ સરકાર આપે.

પ્રશાંત કિશોરે કહ્યું કે, મહિલાઓને ૧૦ હજાર આપતા સમયે કોઈ શરત મૂકવામાં નહતી આવી પરંતુ, ૨ લાખ રૂપિયા આપવાના નામે અધિકારી શરત જણાવી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# રાજકોટ યુવકને લુંટી લેનાર લુંટેરી દુલ્હને ૨૪ વરસની ઉંમરે ૧૫ અલગ અલગ લગ્ન કર્યા

## લગ્ન માટે યુવતિ સહિતની ટોળકી બોગસ ડોકયુમેન્ટ આપતી : યુવતિ સહિત ચારેય આરોપીના ૫ દિવસના રીમાન્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં યુવકો સાથે લગ્ન કરી પૈસા પડાવનાર લુંટેરી દુલ્હન ટોળકીને મહેસાણા પોલીસે ઝડપી લીધી છે. આ ગેંગમાં યુવતિ સહિત ૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગેંગમાં ઝડપાયેલી યુવતિ ચાંદની એ ૨૪ વરસની ઉંમરે ૧૫ લગ્ન કર્યાનુ તપાસમાં ખુલતા પોલીસ પણ ચોકી ઉઠી હતી. આ ગેંગમાં સામેલ અન્ય યુવતિઓએ ૪ લગ્ય કર્યા છે, તેમજ આ ગેંગ દ્વારા કુલ પર લાખ રૂપીયા પડાવ્યા હોવાનુ બહાર આવ્યુ છે.



મહેસાણા પોલીસે તપાસ કરતા આ ટોળકીએ વાવ થરાદ, સાબરકાંઠા, અમદાવાદ, પાટણ, રાજકોટ, ગીર સોમનાથ, ખેડા, મહેસાણા, મોરબી અને ગાંધીનગરમાં યુવકો સાથે લગ્ન કર્યા હતા, હાલ આ ટોળકી ૫ દિવસના રીમાન્ડ પર છે અને સઘન પુછપરછ કરવામાં આવી રહી છે.

લગ્ન માટે કયાંની તલાશી કરતા યુવકોને આ ટોળકી શોધી કાઢતી હતી. ત્યારબાદ ચોકકસ રકમ લઈ યુવતિના તેની સાથે લગ્ન કરવામાં આવતા હતા, લગ્નના થોડા જ દિવસોમાં યુવતિ ત્યાંથી રફુચકકર થઈ જતી હતી, યુવક દ્વારા જયારે આ મામલે ફોન કરવામાં આવે અને પૈસા પરત માંગવામાં આવે તો દુષ્કર્મ કેસમાં ફીટ કરવાની ધમકી આપવામાં આવતી હતી. આ ગેંગ નો ભોગ બનેલા યુવકોમાં બહુચરાજીના આદિવાડાનો એક યુવાન પણ સામેલ છે. જેની ફરીયાદના આધારે પોલીસે આ ગેંગનો પર્દાફાશ કર્યો છે. આદિવાડાના મહેશ (નામ બદલેલ છે) નામના યુવકના ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ અમદાવાદની ચાંદની રમેશભાઈ રાઠોડ સાથે થયા હતા. લગ્ન પહેલા અને લગ્ન વખતે આરોપીઓએ ફરીયાદી પાસેથી રૂપીયા ૫ લાખ, સોના ચાંદીના દાગીના, કપડા અને મોબાઈલ ફોન મેળવ્યા હતા. લગ્નના માત્ર ૪ દિવસ બાદ જ ચાંદનીના કથિત બનેલી રાજુભાઈ ઠકકર આદિવાડા ગામે આવ્યા, અને ચાંદનીના પિતા બિમાર હોવાનુ કહી તેણીને પોતાની સાથે લઈ ગયા હતા. ત્યારબાદ ચાંદની ઘરે પરત ન આવતા અને મોબાઈલ બંધ આવતા ફરીયાદીને શંકા ગઈ, તપાસ કરતા ફરીયાદીને જાણવા મળ્યુ કે ચાંદની રાઠોડ અને રાજુભાઈ ઠકકર (જેણે બનેવીની ખોટી ઓળખ આપી હતી) હકીકતમાં દલાલ હતા, ચાંદનીની માતા સવિતાબેન અને અન્ય એક આરોપી રશ્મિકા પણ આ કૌભાંડમાં સામેલ હતા. આ ચારેય ભેગા મળીને ફરીયાદી સાથે ઠગાઈ કરી હતી.

જયારે ફરીયાદીએ છુટાછેડા લેવા માટે દલાલ રાજુભાઈનો સંપર્ક કર્યો ત્યારે તેઓએ ફરીયાદીને અમદાવાદના નરોડા બોલાવ્યા, ત્યાં ઉપરોકત ચારેય આરોપીઓએ ભેગા મળીને ફરીયાદીને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. અને ડરાવી તેમની પાસેથી બીજા રૂપીયા ૫૦ હજાર પડાવી લીધા, આમ ફરીયાદી સાથે કુલ રૂપીયા ૫ લાખ ૫૭ હજારની ઠગાઈ કરી.

મહેસાણા એસપી હિંમાંશુ શુકલાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આરોપી ચાંદનીએ કુલ ૧૫ લગ્ન કર્યા છે. દરેક જગ્યાએથી અલગ અલગ રકમ લીધી છે. ત્યારબાદ ત્યાંથી ફરાર થઈ જાય છે, દરેક લગ્ન દરમિયાન આ ટોળકીએ પોતાના આધારકાર્ડ, એલસી પણ નકલી આપતા હતા. આ અંગે બનાવટી દસ્તાવેજનો ઉપયોગ કરવા અંગેની પણ કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે. આટલા લગ્ન દરમિયાન આ ટોળકીએ અંદાજે પર લાખ અને અન્ય દાગીના પડાવ્યા હોવાનુ બહાર આવ્યુ છે. ચારેય આરોપી ૫ દિવસના રીમાન્ડ પર છે અને આ આરોપીઓએ વાવ થરાદ, સાબરકાંઠા, પાટણ, અમદાવાદ, રાજકોટ, અમદાવાદ શહેર, ગીર સોમનાથ, ખેડા, મહેસાણા, મોરબી, ગાંધીનગર આ તમામ જિલ્લાઓમાં લગ્ન કર્યા છે.

ચાંદનીએ કરેલા ૧૫ લગ્નોની યાદી તરફ જોઈએ તો (૧) વાવ થરાદના દિયોદર તાલુકાના લુંદરા ગામના યુવક પાસેથી ૫ લાખ લઈ લગ્ન કર્યા (૨) સાબરકાંઠાના ઈડર તાલુકાના અરોડા ગામના યુવક પાસેથી રૂપીયા ૨.૨૮ લાખ લઈ લગ્ન કર્યા (૩) પાટણના સમી તાલુકાના દુદખા ગામના યુવક પાસેથી રૂપીયા ૨.૭૫ લાખ મેળવી લગ્ન કર્યા (૪) અમદાવાદ ના બાવળા ગામના યુવક પાસેથી રૂપીયા ૧.૭૦ લાખ લઈ લગ્ન કર્યા (૫) રાજકોટ શહેર બંસીધર પાર્ક રૈયાધાર રામાપીર ચોકડી ખાતે રહેતા યુવક પાસેથી ૨.૩૦ લાખ લઈ લગ્ન કર્યા (૬) અમદાવાદ શહેર જડેશ્વર પાર્ક સોસાયટી વસ્ત્રાલ ખાતે રહેતા યુવક પાસેથી ૩ લાખ રૂપીયા લઈ લગ્ન કર્યા બાદમાં છુટાછેડા લઈ લીધા, (૭) સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રામપુર ગામના યુવક પાસેથી ૩.૨૫ લાખ લઈ લગ્ન કર્યા (૮) ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ ગામના યુવક પાસેથી રૂપીયા ૨.૩૦ લાખ લઈ લગ્ન કર્યા (૯)ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના તેરનાલ ગામના યુવક પાસેથી રૂપીયા ૪.૫૦ લાખ લઈ લગ્ન કર્યા (૧૦) મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના આદિવાડા ગામના યુવક પાસેથી રૂપીયા ૫ લાખ લઈ લગ્ન કર્યા (૧૨) અમદાવાદના નરોડામાં રહેતા યુવક પાસેથી રૂપીયા ૧.૭૦ લાખ લઈ લગ્ન કર્યા (૧૩) પાટણના યુવક પાસેથી રૂપીયા ૨.૫૦ લાખ લઈ લગ્ન કર્યા (૧૪) ગાંધીનગર સેકટર ૨૬ માં રહેતા યુવક પાસેથી રૂપીયા ૪.૫૦ લાખ લઈ લગ્ન કર્યા (૧૫) ગાંધીનગર ના દહેગામમાં રહેતા યુવક પાસેથી રૂપીયા ૩ લાખ લઈ લગ્ન કર્યા.

## સાબરકાંઠા જિલ્લાના મેડીકલ ઓફીસરોને સર્પદંશ કેસોમાં તાત્કાલીક સારવાર અને મૃત્યુ નિવારણ અંગે વિશેષ તાલીમ અપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારીની સુચના અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કિશોરસિંહ ચારણના માર્ગદર્શન હેઠળ જિલ્લાના મેડીકલ ઓફીસરો માટે સર્પદંશ નિવારણ, લક્ષણોની ઓળખ અને એન્ટી-સ્નેક વેનમના સલામત ઉપયોગ અંગે વિશેષ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ હતું.




સ્નેક રીસર્ચ ઈન્સ્ટિટયુટ, ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ ધરમપુર, વલસાડના સર્પદંશ નિષ્ણાંત સર્જન ડો.ધીરૂભાઈ પટેલે મેડીકલ ઓફીસરોને ઝડપી પ્રાથમિક સારવાર, શોક મેનેજમેન્ટ, યોગ્ય રીફરલ પ્રોટોકોલ તથા દર્દી બચાવણી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતું. વધુમાં તેમણે ખેત મજુરો માટે સર્પદંશ નિવારણ અંગે જાગૃતિ અભિયાન દરમીયાન રાત્રે ખેતરમાં કામદારોને ટોર્ચ, રબ્બરના બુટ અને અન્ય સાવચેતીના ઉપાયો અંગે સમજણ આપી હતી. સાથે જ સર્પદંશ પછી ગ્રામજનોમાં પ્રચલીત ખોટા અને જોખમી ઉપચારના જોખમ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કિશોરસિંહ ચારણે જિલ્લાના તબીબોને સર્પદંશથી તથા મૃત્યુમાં ઘટાડો લાવવા માટે **zero death due to snakebite** માટે સંકલ્પબધ્ધ થવાની અપીલ કરી હતી. સાબરકાંઠામાં ચોમાસા અને ખેતીના સમય દરમિયાન સર્પદંશના વધતા કેસોને ધ્યાનમાં રાખીને આ વિશેષ તાલીમ દર્દીના જીવન બચાવવા માટે સુવર્ણ અવસર સમાન છે. આ તાલીમમાં જિલ્લાના અધિકારીઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓ અને તમામ મેડીકલ ઓફીસરો ઉપસ્થિત રહ્યા હતા.

## કન્ઝુમર કોર્ટના જજ અને સભ્યોના પગારમાં ધરખમ વધારો કરતી સરકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે કન્ઝુમર કોર્ટ (ગ્રાહક સુરક્ષા કોર્ટ) ના જજ અને સભ્યો માટે એક મહત્વનો નિર્ણય લેતા તેમના પગાર ધોરણમાં મોટો વધારો જાહેર કર્યો છે.

આ વધારો રાજય સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા નિયમો ૨૦૨૧ માં સુધારો કરીને અમલમાં મુકવામાં આવ્યો છે.


સુપ્રિમ કોર્ટના આદેશ અને લગભગ ચાર વરસની કાનુની લડત બાદ સરકારે ૧૮ નવેમ્બર ના રોજ ગેઝેટ નોટીફીકેશન બહાર પાડીને આ નવી પગાર વ્યવસ્થા લાગુ કરી છે. આ નિર્ણયથી રાજય અને જિલ્લા સ્તરે ફરજ બજાવતા પ્રમુખ અને સભ્યોને મોટો આર્થિક ફાયદો થશે. નવા સુધારા મુજબ હવે જિલ્લા કમિશનના પ્રમુખને સુપર ટાઈમ સ્કેલ મુજબ ડીસ્ટ્રીકટ જજ સમકક્ષ પગાર મળશે, જયારે જિલ્લા કમિશનના સભ્યોને સીલેકશન ગ્રેડ મુજબ ડીસ્ટ્રીકટ જજ ના લેવલ નુ વળતર ચુકવવામાં આવશે. તેવી જ રીતે રાજય કમિશનના પ્રમુખને હાઈકોર્ટના વર્તમાન જજ ને મળતા પગાર અને ભથ્થાનો લાભ મળશે. રાજય કમિશનના સભ્યોને પણ સુપર ટાઈમસ્કેલ મુજબ ડીસ્ટ્રીકટ જજ સમકક્ષ પગાર ધોરણનો લાભ આપવામાં આવશે.

આ સુધારા પહેલા ગ્રાહક સુરક્ષા પંચના હોદ્દેદારોને રૂપીયા ૧૦ હજાર થી ૩૦ હજાર જેટલી નજીવી રકમ ચુકવવામાં આવતી હતી. જેની સામે ૨૦૨૧ માં બે મહિલા જજ દ્વારા હાઈકોર્ટમાં પીટીશન પણ કરવામાં આવી હતી આ ઉપરાંત સરકાર દ્વારા એ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યુ છે કે જો કોઈ પ્રમુખ કે સભ્યનો અગાઉનો પગાર નવા નકકી કરાયેલા ધોરણ કરતા વધારે હોય, તો તે જળવાઈ રહેશે, પગાર ધોરણને ન્યાયીક માપદંડો સાથે સુસંગત બનાવવા માટે વાર્ષિક ૩ ટકાના વધારાની જોગવાઈ પણ કરવામાં આવી છે આ નિર્ણયથી ગ્રાહક સુરક્ષા કોર્ટની કામગીરી વધુ અસરકારક બનવાની અને ન્યાયીક અધિકારીઓને યોગ્ય વળતર મળવાની અપેક્ષા છે.

## હવે માર્ગ તુટે તો અધિકારીઓ અને કોન્ટ્રાકટરો સામે ફરીયાદઃ રોડ રસ્તા મુદ્દે મુખ્યમંત્રીનો આકરો નિર્ણયઃ પ્રભારી મંત્રીઓને આપ્યા તપાસના આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતભરમાં ચોમાસા બાદ બિસ્માર હાલતમાં ફેરવાયેલા રોડ રસ્તાઓને લઈને નાગરીકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હવે એકશન મોડમાં આવ્યા છે. કેબિનેટ બેઠકમાં તેમણે પોતાના મંત્રી મંડળ ના મંત્રીઓને સ્પષ્ટ અને કડક શબ્દોમાં સુચના આપી છે કે રોડ રસ્તાના કામમાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહી.



મુખ્યમંત્રીએ આદેશ આપ્યો છે કે જો નવા બનાવેલા રોડ રસ્તાઓ તુટી ગયા હોય તો માત્ર રીપેરીંગથી કામ નહી ચાલે , પરંતુ જવાબદાર કોન્ટ્રાકટરો અને અધિકારીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવાથી લઈ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે, ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રોડ રસ્તાઓના મુદ્દે ગંભીર નોંધ લીધી હતી. રાજયના અનેક વિસ્તારોમાં રોડ રસ્તાની ખરાબ હાલતને કારણે પ્રજાને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને તેમણે તમામ મંત્રીઓને ટકોર કરી હતી. મુખ્યમંત્રી એ સ્પષ્ટ કહ્યુ હતુ કે ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરવામાં ન આવે અને ખરાબ કામગીરી કરનારા તત્વો સામે દાખલારૂપ પગલા લેવામાં આવે, મુખ્યમંત્રીની સુચનામાં સૌથી મહત્વની બાબત જવાબદારી નકકી કરવાની હતી.

તેમણે મંત્રીઓને નિર્દેશ આપ્યો હતો કે જોઈ કોઈ વિસ્તારમાં તાજેતરમાં જ નવા રોડ રસ્તા બન્યા હોય અને તે ટુંકા ગાળામાં તુટી ગયા હોય કે ધોવાઈ ગયા હોય તો તેને ગંભીર નિષ્કાળજી ગણવામાં આવશે, આવા કિસ્સાઓમાં સ્થાનિક વહિવટી તંત્ર સાથે સંકલન સાધીને જવાબદાર એજન્સી કે અધિકારીઓ સામે તાત્કાલીક ધોરણે પોલીસ ફરીયાદ નોંધાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને પોત પોતાના મત વિસ્તાર ઉપરાંત જે જિલ્લાના તેઓ પ્રભારી છે ત્યાં રૂબરૂ મુલાકાત લેવા જણાવ્યુ હતું. મંત્રીઓએ સ્થળ પર જઈને રોડ રસ્તાની કામગીરીનુ નિરીક્ષણ કરવાનુ રહેશે જો તપાસ દરમિયાન ભ્રષ્ટાચાર કે હલકી ગુણવત્તાનુ કામ ધ્યાને આવે તો માત્ર નોટીસ આપીને સંતોષ માનવાને બદલે કાયદાકીય રાહે પગલા ભરવા અને જરૂર પડે તો ખાતાકીય તપાસ શરૂ કરાવવા માટે પણ લીલીઝંડી આપવામાં આવી છે.



# ઈડર તાલુકાના કાનપુર પંથકમાં સાથ જીયેંગે સાથ મરેંગેંના કોલ આપી લગ્ન ગ્રંથીમાં જોડાયેલા પ્રેમી પંખીડાનો ૮૦ વરસે અંત

## પતિના મોતના એક કલાકમાં પત્નીએ પણ દેહ છોડયોઃ પતિના નિધનના આઘાતમાં પત્નીએ પણ છોડયો જીવ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ





સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાનપુર ગામે ગઈ કાલે એક એવી હૃદય દ્રાવક ઘટના બનવા પામી હતી. જેમાં સાથ જીયેંગે સાથ મરેંગેના કોલ આપી લગ્ન ગ્રંથીમાં જોડાયેલા પ્રેમી પંખીડાનો ૫૦ વરસે અંત આવી જતા ગામના દરેક વ્યકિતની આંખો ભીની થઈ ગઈ હતી. પતિ પત્નીનો પ્રેમ અને વિરહ નો એક અદ્રિતિય દાખલો લોકોની સામે આવ્યો હતો.

કાનપુર ગામની સવાર હજુ પોતાની પહેલી પરોઢીયે ફેલાવી રહી હતી ત્યાં જ મણીભાઈ નાથાભાઈ પટેલના આંગણે ચુલાનો ધુમાડો નહી પણ રડવાનો અવાજ ઉઠયો, ૯૯ વરસના મણીભાઈ રાત્રે ઉંઘમાં જ શાંત થઈ ગયા હતા. ઘરની દિવાલો પર લટકતી તેમની ને તેમની પત્ની શાંતાબેનની લગ્નની ફોટોગ્રાફમાં જ એ જ સ્મિત હજુ પણ હતુ જે ૧૯૫૯ માં લીધેલી હતી, એ સ્મિત આજે પણ ગામના લોકોને કહેતુ કે આ બે જીવ કયારેય એકબીજાથી અલગ થયા ન હતા, શાંતાબેન સવારે ૪ વાગે જ ઉઠી ગયા, તેમણે ચુલો સળગાવ્યો ચા ચઢાવી, પછી પોતાના જીવનસાથીને ઉંઘમાંથી ઉઠાડવા ખભે હાથ મુકયો, હાથ ઠંડો લાગ્યો, એકવાર, બીજીવાર, ત્રીજીવાર બોલાવ્યુ એ મણી ચા તૈયાર છે, પણ જવાબ ન આવ્યો, શાંતાબેનનો હાથ ધ્રુજવા લાગ્યો તેમણે મણીભાઈ ની છાતી પર કાન મુકયુ તો ધડકન બંધ થઈ ગઈ હતી, એક જ પળમાં એમની દુનિયા ખાલી થઈ ગઈ, ઘરના સભ્યોને જગાડયા, કોઈએ ડોકટરને ફોન કર્યો, પરંતુ શાંતાબેનને ખ્યાલ આવી ગયો કે તેમનો સાથીદાર તેમને છોડીને ચાલ્યો ગયો છે તેથી તેઓ ચુપચાપ એક ખુણે બેસી ગયા, તેમની આંખોમાં આંસુ ન હતા, ફકત એક અજીબ શાંતિ હતી, ઘરના આંગણે મણીભાઈનો મૃતદેહ મુકયો, ચહેરા પર એ જ સ્મિત હતુ, શાંતાબેન ધીમે પગલે નજીક આવ્યા, માથા પર હાથ ફેરવ્યો અને ધીમેથી બોલ્યા, હવે તારી વિના મારા હાથની પહેલી ચા કોણ પીશે ?

એક કલાક પછી જયારે ગામના લોકો અંતિમવિધીની તૈયારી કરી રહ્યા હતા ત્યારે અચાનક શાંતાબેન પણ જમીન પર ઢળી પડયા, ઘરના લોકોએ તરતજ ગામમાંથી ડોકટરને બોલાવ્યો, ડોકટરે આવીને નાડી તપાસી અને કહ્યુ હાર્ટ એટેક, એ પણ એમની સાથે જ ગયા, ગામના લોકો સ્તબ્ધ થઈ ગયા, એક જ આંગણે બે અર્થી તૈયાર થઈ, બંનેના ચહેરા પર એક જ શાંતિ હતી, લોકો કહેતા હતા આ તો સાચુ જોડુ હતુ, સાઠ વરસથી વધુ સાથે રહ્યા, એક બીજા વિના એક પળ પણ ન રહી શકયા, અંતિમ યાત્રામાં ગામનુ દરેક ઘર ખાલી થઈ ગયુ, બે ખભા એક સાથે ઉઠયા, સ્મશાનના રસ્તે લોકો ગીત નહી પણ એક જ વાત કહેતા હતા કે આજે કુદરતે પણ સ્વીકારી લીધુ કે કેટલાક સાથ મૃત્યુ પછી પણ તુટતા નથી,

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાનુ કૌભાંડ : રૂ.૭ લાખથી વધુના ખર્ચે ખરીદેલી ડસ્ટબીન ૭ વરસથી ધુળ ખાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વારંવાર કૌભાંડોમાં ચર્ચાયેલી રહી છે ત્યારે વધુ એકવાર વિવાદ અને કૌભાંડને કારણે ચર્ચામાં આવી છે. આ વખતે સ્વચ્છતા અભિયાનના નામે જાહેર નાણાંના બેફામ બગાડની ઘટના બહાર આવી છે. જેમાં રૂપીયા ૭ લાખ થી વધુના ખર્ચે ખરીદવામાં આવેલી કચરાપેટીની હજારો ડસ્ટબીન ૭ વરસથી નગરજનોને કચરો નાખવા માટે ઉપલબ્ધ કરવાને બદલે ગોડાઉનમાં ધુળ ખાઈ રહી છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૭ માં શહેરમા સ્વચ્છતા અભિયાનના ઉદ્દેશથી મોટી સંખ્યામાં કચરાપેટીઓ ખરીદવામાં આવી હતી જો કે આ ડસ્ટબીનને શહેરમાં જુદા જુદા સ્થળે મુકવાને બદલે તેને ઈન્દીરાનગરના નગરપાલિકાના ગોડાઉનમાં મુકી દેવામાં આવી હતી. આશ્ચર્યજનક વાત એ છે કે ૭ વરસથી વધુ સમય વિતી જવા છતાંય નગરપાલિકાના સત્તાધીશો અને વહિવટી તંત્ર આ ડસ્ટબીનને તેના મુળ હેતુ માટે ઉપયોગમાં લેવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે. હાલમાં આ તમામ ડસ્ટબીન ગોડાઉનમાં ધુળ ખાય છે. તુટી ફુટી અને ખંડેર હાલતમાં જોવા મળી રહી છે, રૂપીયા ૭ લાખ થી વધુના ખર્ચની આ ડસ્ટબીન હવે નગરપાલિકાની અણઆવડત અને ભ્રષ્ટાચારની જીવંત સાબિતી બની છે.

સ્થાનિકોમાં આ કૌભાંડને લઈને ભારે રોષ વ્યાપી ઉઠયો છે એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે અને લોકોને કચરો નાખવા માટે પુરતી સુવિધા નથી, ત્યારે લાખો રૂપીયાની કચરા પેટીઓ ગોડાઉનમાં સડી રહી છે. સ્થાનિકોએ નગરપાલિકાના આ કૌભાંડની ઉચ્ચસ્તરીય તપાસ કરીને જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

# રાજયના રેશનીંગ વેપરીઓના રૂ.૭૪ કરોડ સરકારમાં ફસાયાઃ ઓકટો. કમિશનના રૂ.૧૪ કરોડ અને ચાલુ મહિનામાં તુવેરદાળ અને ચણાં માટે ભરેલા રૂ.૬૦ કરોડનુ રીફંડ હજુ સુધી મળ્યુ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર



૧૭ હજાર રેશનીંગ વેપારીઓની સમસ્યા દિવસે દિવસે ઘટવાને બદલે સતત વધતી જ જાય છે. સર્વર ના ધાંધીયાનો વિકટ પ્રશ્ન હજુ હલ થયો નથી, ત્યાં ફરી એક આફત વેપારીઓ ઉપર ત્રાટકી છે. વેપારી વર્તુળોમાંથી મળેલી માહિતી મુજબ રાજયભરના દુકાનદારોના એક રૂપીયા ૭૪ કરોડ સરકારમાં ફસાયા છે.

ગત ઓકટોબરના કમિશનના રૂપીયા ૧૪ કરોડ અને ચાલુ માસમાં તુવેરદાળ અને ચણા માટે ભરેલા રૂપીયા ૬૦ કરોડનુ રીફંડ પુરવઠા વિભાગે આજદીન સુધી ચુકવ્યુ નથી. વેપારીઓ જણાવે છે કે ચાલુ માસ માટે ચણા અને તુવેરદાળના નાણાં પુરવઠા નિગમે અગાઉથી ઉઘરાવી લીધા, પરંતુ ચાલુ મહિનામાં આજ દીન સુધી તુવેરદાળ અને ચણાની ફાળવણી વેપારીઓને કરાઈ જ નથી. વેપારી વર્તુળોમાંથી મળતી વધુ વિગતો મુજબ ગુજરાત રાજયના વ્યાજબી ભાવના દુકાનદારોને અનાજ તથા જુદી જુદી એજન્સીઓના વિતરણના બદલામાં ચુકવવાનુ થતુ કમિશન કયારેય સમયસર ચુકવવામાં આવતુ નથી. ગત ઓકટોબર મહિનાનુ કમિશન અડધુ ચુકવાયુ છે અને અડધુ કમિશન ચુકવવાનુ હજુ બાકી છે. કમિશન સિવાય રાજય સરકારની કલ્યાણકારી વિવિધ યોજનાઓના નાણાં વેપારી દ્વારા ભરવાના થતા હોય છે. પરંતુ ઘણી વખત આ અમુક એજન્સીઓ ગોડાઉન ખાતે હાજર ન હોય અને આવી જળસીઓ દુકાન ખાતે ફાળવવામાં આવતી ન હોય ત્યારે દુકાનદારે આ એજન્સીઓ માટે ભરેલા નાણાં પરત કરવાના હોય છે.

ગુજરાત રાજયના વ્યાજબી ભાવના દુકાનદાર ઓકટોબર માસ માટે દાળના પૈસા ભર્યા છે તે દાળનો જથ્થો અલોટ ન થયુ હોવાના કારણે વેપારી ભાઈઓના આ પૈસા ફસાયા છે. તે તેમને પરત કરવામાં આવ્યા નથી. આમ કમિશન અને રીફંડ બંનેના નાણાં ફસાયેલા હોય આગામી માસના ચુંટણી માટે રાજય સરકાર દ્વારા અપાતી પરમીટના નાણાં ભરવા માટે વેપારીઓ મુંઝવણમાં ફસાયા છે. પોતાના કમિશન તથા રીફંડના પૈસા સમયસર ચુકવવામાં આવતા નથી. જયારે રાજય સરકાર ને વેપારીઓ દ્વારા જે નાણાં ભરવાના હોય તેની નિશ્ચિત મુદત રાખવામાં આવી છે. પરીણામે વેપારી નાણાં ફસાયા હોવાના કારણે ખુબ જ આર્થિક સંકળામણ અનુભવે છે વેપારીને જે કમિશન ચુકવવામાં આવે છે એ કમિશન રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અડધુ અડધુ ચુકવવામાં આવે છે. આ સિવાય નુ રાજય સરકાર દ્વારા જે વધારાનુ કમિશન તથા મીનીમમ માટેની તફાવતની રકમ ચુકવવામાં આવે છે. એ જ રકમ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ૫૦-૫૦ ટકા ચુકવવામાં આવે છે. તે ઓકટોબર માસ માટે બિલકુલ ચુકવવામાં આવતી નથી.

આમ સસ્તા અનાજના વેપારીઓના આશરે રૂપીયા ૧૪ કરોડ ઓકટોબર ૨૦૨૫ ના મહિનાનુ અડધુ કમિશન તેમજ આશરે રૂપીયા ૬૦ કરોડ અને ૨૦૨૫ માટે તુવેરદાળ અને ચણાં ના ભરેલા નાણાં પણ ફસાયા છે. રાજય સરકાર ના અન્ન નાગરીક પુરવઠા વિભાગ સમક્ષ ગંભીર નાણાંકીય અને વિતરણ સંબંધીત પ્રશ્નો ઉકેલાતા ની સાથે રાજયભરના હજારો સસ્તા અનાજના દુકાનદારો હાલમાં નાણાંકીય સંકટ અને વહિવટી સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ઓકટોબર ૨૦૨૫ મહિનાનુ ૫૦ ટકા થી વધુ કમિશન હજુ સુધી દુકાનદારોને ચુકવવામાં આવ્યુ નથી.

વ્યવસાયીક અને સંસારીક ખર્ચાઓ વચ્ચે કમિશન અટકાવી રાખવાના કારણે વેપારીઓ ગંભીર નાણાંકીય તંગી અનુભવી રહ્યા છે. નવેમ્બર ૨૦૨૫ મહિનાના વિતરણ માટે દુકાનદારોએ તુવેરદાળના નાણાં નિયમ મુજબ સમયસર ભરપાઈ કરી દીધા છે. છતાં દુઃખની વાત એ છે કે નવેમ્બર મહિનાનુ વિતરણ લગભગ પુર્ણ થવા આવ્યુ હોવા છતાં સરકારે નાણાં ભર્યા બાદ પણ આ જથ્થો દુકાન સુધી પહોચાડયો નથી.

# એસઆઈઆરને કારણે બધુ ઠપ : રાજયની સરકારી કચેરીઓ ખાલીખમ, અરજદારોને ભટકવાનો આવ્યો વારો

પ્રતિનિધિ,ગાંધીનગર





ગુજરાતમાં મતદાર યાદી સુધારણા અભિયાન (એસઆઈઆર) જોરશોરથી ચાલી રહ્યુ છે. મતદાર યાદીની સફાઈ ઝુંબેશમાં શિક્ષકો જ નહી, વિવિધ સરકારી વિભાગોના અધિકારી / કર્મચારીઓની મદદ લેવામાં આવી છે. જેના કારણે પરીસ્થિતિ એવી થઈ ગઈ છે કે સ્ટાફ વિના સરકારી કચેરીઓ ખાલીખમ નજરે પડે છે. જેથી લોકોના કામો ખોરંભે પડયા છે, અરજદારો આમ થી તેમ ભટકી રહ્યા છે. ત્યારે ઓફીસમાં એક જ જવાબ મળી રહ્યો છે કે સાહેબ નથી,

કેન્દ્રીય ચુંટણીપંચના આદેશને પગલે ગુજરાતમાં એસઆઈઆર ની કામગીરી શરૂ કરવામાં આવી છે જેના પગલે મહેસુલ, સિંચાઈ અને પંચાયત સહિત વિવિધ સરકારી વિભાગના કર્મચારીઓને ચુંટણીલક્ષી કામગીરીમાં જોતરવામાં આવ્યા છે. કર્મચારીઓ પણ તનતોડ મહેનત કરી રહ્યા છે. જેથી કોઈપણ મતદાર મતદાર યાદીમાંથી બાકાત રહી ન જાય , સરકારી કર્મચારીઓની ચુંટણીલક્ષી કામગીરીમાં મદદ લેવાઈ રહી છે ત્યારે મામલતદાર કચેરી, કલેકટર કચેરી, તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ, જીએસટી ઉપરાંત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની ઓફીસો સ્ટાફ વિહોણી બની છે. રેશનીંગ કાર્ડ થી માંડીને રોજીંદા કામો માટે આવતા અરજદારો, કર્મચારી / અધિકારી વિના ધકકે ચડયા છે. મહેસુલ થી માંડીને અન્ય અગત્યના કામો અટવાઈ પડયા છે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં પ્રજાલક્ષી કામોની અરજીઓ પેન્ડીંગ છે. જેથી અરજદારો સરકારી કચેરીઓના ધકકા ખાઈ રહ્યા છે, અમદાવાદ મહાનગરપાલિકામાં પણ ૩૦૦ થી વધુ કર્મચારીઓને ચુંટણીલક્ષી કામગીરીમાં જોડવામાં આવ્યા છે. જેના લીધે ટેક્ષની કામગીરી પર અસર થઈ છે આ ઉપરાંત મિલ્કત સીલ કરવા સહિત અન્ય કામગીરી ઠપ થઈ ગઈ છે. શિક્ષકોને બુથ લેવલ ઓફીસરની કામગીરી સોંપવામાં આવી છે. જેના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓ જાણે નોંધારા બન્યા છે. કોઈ ભણાવનાર જ નથી પરીણામે એસઆઈઆર ની કામગીરીને લીધે શિક્ષણકાર્ય પર ખુબ અસર પડી છે. ઘણી શાળાઓમાં તો શિક્ષકો વિના એક વર્ગ માં બે ધોરણન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા મજબુર થવુ પડયુ છે. આંગણવાડીમાં પણ વર્કર બહેનો જ નથી, આંગણવાડી વર્કરોને પણ એસઆઈઆર ની કામગીરી સુપ્રત કરાઈ છે. જેથી બાળકોનુ ધ્યાન રાખનાર જ નથી. સાથે સાથે સર્ગભા મહિલાઓની પોષણલક્ષી કામગીરી પર અસર પહોચી છે. આંગણવાડી વર્કરોને તો એક પછી એક કામ માથે થોપી દેવાય છે. જેથી આ મામલે કલેકટર / ઉચ્ચ કક્ષાએ પણ રજુઆત કરાઈ છે.

# બીએલઓની કામગીરીનુ ભારણ બન્યુ જીવલેણ? ૩ શિક્ષકોના મોતઃ ૧ ની તબિયત લથડી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ






ગુજરાતમાં મતદાર યાદી સુધારણા (એસઆઈઆર) ની કામગીરી (બીએલઓ) નો મુદ્દો હવે રાજયવ્યાપી ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા કેટલાક સમયમાં બીએલઓ તરીકે ફરજ બજાવતા શિક્ષકો પરના વધારાના કામના દબાણના કારણે જીવલેણ ઘટનાઓ બની હોવાના આક્ષેપો થયા છે.

ખેડા, દાહોદ, ગીર સોમનાથ અને તાપી (વાલોડ) માં બનેલી ઘટનાઓએ સમગ્ર મામલે રાજકીય પક્ષોને પણ સરકાર સામે આક્રોશ વ્યકત કરવાની ફરજ પાડી છે. ગુજરાતમાં મતદાર યાદી સુધારણા (એસઆઈઆર) ની કામગીરી (બીએલઓ-બુથ લેવલ ઓફીસર) શિક્ષકો માટે હવે જીવલેણ બની રહી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં બીએલઓ તરીકે ફરજ બજાવતા ૩ શિક્ષકોના મોત થયા છે. એક શિક્ષકની તબિયત લથડી છે, ખેડા, તાપી, દાહોદ અને ગીર સોમનાથમાં બનેલી ઘટનાઓએ રાજયભરના શિક્ષક આલમમાં રોષ ફેલાવ્યો છે અને વિપક્ષે આ મુદ્દે ભાજપ સરકાર પર સીધા પ્રહારો કર્યા છે, બીએલઓની ફરજના બેવડા ભારણ અને સતત તણાવને કારણે આ દુઃખદ ઘટનાઓ બની હોવાનુ પરીવારજનોનુ કહેવુ છે.

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાની નવા પુરા પ્રાથમિક શાળાના આચાર્ય રમેશભાઈ પરમાર જેઓ બીએલઓની ફરજ પણ બજાવતા હતા તેમનુ હૃદય રોગના હુમલાથી નિધન થયુ, પરીવારજનોએ આક્ષેપ કર્યો હતો કે રમેશભાઈ શાળામાંથી આવ્યા બાદ પણ તેમને મોડી રાત સુધી બીએલઓની કામગીરી કરવી પડતી હતી. જેના કારણે તેઓ ડીપ્રેશનમાં રહેતા હતા. આ નિધનથી તેમના વતન જાંબુડી અને નવાપુરા ગામમાં શોકનુ મોજુ છવાયુ છે. જયારે અન્ય એક તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બેલ્ધા ગામના બીએલઓ સહાયક અને પ્રાથમિક શાળાના આચાર્ય કલ્પનાબેન પટેલ (અંદાજીત ૫૬ વરસ) નુ રાત્રી દરમિયાન તબિયત લથડતા બારડોલી ખાતે મૃત્યુ થયુ હતું. પ્રાથમિક અનુમાન મુજબ તેમનુ મૃત્યુ હાર્ટ એટેકથી થયુ છે જો કે આ મામલે મુખ્ય બીએલઓએ જણાવ્યુ હતુ કે બીએલઓ સહાયકની કામગીરીમાં કલ્પનાબેનને કોઈ ટેન્શન ન હતુ અને બેલ્ધા ગામ એસઆઈઆર ની કામગીરીમાં ગ્રીન ઝોનમાં છે જે પરીવારના આક્ષેપોથી વિપરીત છે. જયારે અન્ય એક બનાવમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે દેવળી ગામે રહેતા એક શિક્ષકે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે, સ્યુસાઈડ નોટમાં એસઆઈઆર ની કામગીરી થી ત્રસ્ત હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે, કોડીનાર પોલીસે સ્થળ પરથી મૃતક શિક્ષકે મોત પહેલા લખેલી સ્યુસાઈડ નોટ કબ્જે કરી હતી. આ સ્યુસાઈડ નોટમાં સ્પષ્ટ પણે એસઆઈઆર ની કામગીરી (મતદાર યાદી સુધારણા કામગીરી) ના કારણે પોતે ત્રસ્ત હોવાનો ઉલ્લેખ કર્યો છે. શિક્ષકના પરીવારજનો અને શિક્ષક સંઘે આક્ષેપ કર્યો છે કે શિક્ષક બીએલઓ (બુથ લેવલ ઓફીસર) ની વધારાની કામગીરીને કારણે છેલ્લા કેટલાક સમયથી ગંભીર ડીપ્રેશનમાં હતા. જયારે અન્ય એક દાહોદની સાદેડા વર્ગ પ્રાથમિક શાળાના શિક્ષક અને બીએલઓ ડામોર બચુભાઈ પાર્સીંગભાઈ ની સ્કુલમાં જ તબિયત અચાનક લથડી પડતા તેઓ લથડી પડયા હતા. બીએલઓની કામગીરીના દબાણના કારણે આ ઘટના બની હોવાનુ માનવામાં આવે છે. તેમને તાત્કાલીક ૧૦૮ ની મદદ થી રીધમ હોસ્પીટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ ગંભીર ઘટના બાદ શિક્ષક સંઘે ઉગ્ર પગલુ ભર્યુ છે, શિક્ષકના આપઘાતને બીએલઓની કામગીરીના ભારણનુ પરીણામ ઘણીને શિક્ષક સંઘે બીએલઓની કામગીરીનો તાત્કાલીક બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આ બહિષ્કાર માત્ર કોડીનાર પુરતો સિમિત ન રહેતા તેની અસર રાજયભરમાં દેખાશે. કોડીનાર પોલીસે આ મામલે સ્યુસાઈડ નોટ અને પરીવારજનોના નિવેદનના આધારે વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ આ ઘટનાઓએ રાજકીય સ્વરૂપ ધારણ કર્યુ છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ઈસુદાન ગઢવીએ ભાજપ સરકાર પર સીધો આક્ષેપ કરતા કહ્યુ હતુ કે ભાજપની ચુંટણી જીતવાની લ્હાયમાં ૩ બીએલઓએ જીવ ગુમાવ્યા છે, તેમણે દાવો કર્યો કે ભાજપ સ્થાનિક સ્વરાજયની ચુંટણી પાછી ઠેલાઈ હોવાથી એસઆઈઆર ની કામગીરી જલ્દી પતાવવા માટે બીએલઓ પર દબાણ કરી રહી છે. ગઢવીએ સવાલ કર્યો કે ૫ કરોડ મતદારોનુ કામ બીએલઓ એક મહીનામાં કઈ રીતે પતાવી શકે ? અને આક્ષેપ કર્યો કે ભાજપના નેતાઓના છોકરાઓ પ્રાઈવેટમાં ભણે છે અને ગરીબ ના દિકરાઓ ભણે છે ત્યાં આજે શિક્ષકો જ નથી. તેમણે તમામ બીએલઓ અધિકારીઓને ખોટુ પગલુ ન ભરવા અપીલ કરી અને કહ્યુ કે જો કોઈ અધિકારી દબાણ કરે તો આમ આદમી પાર્ટીનો સંપર્ક કરવો.

# બિહારની જેમ ગુજરાતની મહિલાઓને પણ ૧૦ હજાર મળવા જોઈએઃ મામેરૂ તો મળવુ જોઈએઃ કોંગ્રેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગુજરાત કોંગ્રેસની જન આક્રોશ રેલીનો આજે શુક્રવારથી પ્રારંભ થયો છે. પરીવર્તનના શંખનાદ સાથે કોંગ્રેસની જન આક્રોશ રેલી કાઢવામાં આવી છે. ૧૧૦૦ કિ.મી. ના ભ્રમણમાં સમગ્ર ઉત્તર ગુજરાતની જનતાના આક્રોશને વાચા આપવામાં આવશે, ત્યારે કોંગ્રેસના નેતાઓ દ્વારા ગુજરાતની મહિલાઓ પણ બિહાર ની જેમ ખાતામાં ૧૦ હજાર રૂપીયા આવે તેવી માંગ કરી છે,

યાત્રના પ્રસ્થાન પર કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે કહ્યુ હતુ કે પાવનભુમી પરથી કોંગ્રેસની જન આક્રોશ યાત્રાની શરૂઆત કરી છે. ગુજરાતમાં કરોડો લોકો મુળભુત સુવિધાથી વંચિત છે, બિહારમાં મહિલાઓને ૧૦ હજાર રૂપીયા આપવામાં આવ્યા છે તો ગુજરાતમાં પણ મહિલાઓને ૧૦ હજાર રૂપીયા આપવા જોઈએ, સરકાર કુંભકર્ણ ઉંઘમાંથી નહી જાગે તો અમે એમને ઉખાડી ફેકીશુ, મુકુલ વાસનિકે વધુમાં કહયુ કે જયાં સુધી આ કુંભકર્ણની ઉંઘમાં રહેલી સરકાર જાગશે નહી ત્યાં સુધી કોંગ્રેસનો જન સંઘર્ષ ચાલતો રહેશે, ૩૦ વરસથી ગુજરાતમાં ભાજપની સરકાર છે, પણ પાયાની સમસ્યાઓ જૈ સૈ થે છે, ૧૧ વરસથી નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી છે પણ ખેડુતોને આપેલા વચનો પુરા થતા નથી, મોંઘવારી અને મજુરીના દળ વધે છે પણ ખેડુતોને ઉત્પાદનના પુરતા ભાવ નથી મળતા, કુદરતી આપદા માં ખેડુતોના પાકને નુકશાન થાય છે પણ તેને વળતર નથી મળતુ, જયારે ચુંટણી આવે અને સત્તાધારી પક્ષના નેતાઓ આવે ત્યારે તેમને અટકાવીને પુછવુ કે કેમ ખેડુતોને આપેલા વચનો પુરા થયા નથી ?

બિહારની મહિલાઓને ૧૦ હજાર રૂપીયા આપ્યા એ એક પ્રમાણે પ્રલોભન અને લાંચ હતી, જો કે ચુંટણીપંચે તેની સામે આંખ આડા કાન કર્યા, બિહારની ચુંટણી ભાજપ અને જેડીયુ જીત્યા છે, હવે તેઓ વચનભંગ કરશે, ગુજરાતમાં મહિલાઓ અને બાળકો કુપોષિત છે, ગેનીબેન પર માત્ર બનાસકાંઠા અને ગુજરાત જ નહી બંધારણમાં માનનારા તમામ લોકોને ભરોસો છે. ગેનીબેનના જીતવા માટે બંધારણ માટે લડનાર ને ટેકો મળ્યો, તમને અભિનંદન કે ગેનીબેન જેવી મજબુત મહિલાને વિજય બનાવી. તો ગુજરાત કોંગ્રેસના સહપ્રભારી સુભાષીની યાદવે કહ્યુ હતુ કે બિહારમાં ચુંટણી સમયે મહિલાઓને ૧૦ હજાર રૂપીયા આપ્યા હવે ફરી કયારે રૂપીયા આપશે તે નકકી નથી. ગુજરાતની મહિલાઓને કેટલા રૂપીયા મળ્યા ? ગુજરાતની મહિલાઓને તો મામેરૂ મળવુ જોઈએ. ગુજરાતથી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા છે.

બિહાર વિધાનસભા ચુંટણીના પરીણામો જાહેર થઈ ગયા છે, જનતાએ એનડીએ ને બહુમતી આપી છે આ જીત માટે વિવિધ નિષ્ણાંતો અલગ અલગ કારણો આપી રહ્યા છે, જેમાં બિહાર સરકારે ચુંટણી પહેલા એક યોજના હેઠળ મહિલાઓના ખાતામાં રૂપીયા ૧૦ હજાર જમા કરાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ બિહાર સરકારની મહત્વકાંક્ષી મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના એક બટન દબાવીને શરૂ કરી. ગામડાઓ અને શહેરોની મહિલાઓને તેમના ખાતામાં રૂપીયા ૧૦ હજાર જમા કરાવવાની જાહેરાત કરતો સંદેશ મળ્યો. જો કે આ યોજના સંપૂર્ણપણે બિહાર સરકારની માલીકીની છે. જેનો સમગ્ર ખર્ચ રાજય સરકાર ભોગવે છે, પીએમ મોદીએ ફકત તેને શરૂ કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ મહીલાઓને તેમના ઘરની સીમાઓમાંથી બહાર લાવવાનો અને તેમને પોતાના માલીક બનવા માટે સશકત બનાવવાનો છે. જો કે આ યોજના અંગે લોકોમાં કેટલીક મુંઝવણ છે જેને દુર કરવાની જરૂર છે. તો યાત્રાની શરૂઆત સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યુ હતુ કે ગુજરાતનો ખેડુત આર્થિક રીતે પાયમાલ છે. ૫૦ હજારના નુકશાન સામે વિઘે ૩૫૦૦ નુ પડીકુ સરકારે આપ્યુ, બિહારની બહેનોને એમના ખાતામાં ૧૦ હજાર મળે છે. મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ મહિલાઓને રૂપીયા અપાય છે પરંતુ ગુજરાતની મહિલાઓને ભાજપ સરકાર ઠેંગો બતાવે છે.